ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૭ ટકા

# અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમવા ખેલૈયા તત્પર



ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો અનોખો માહોલ જામ્યો છે. નવરાત્રીને ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે ગરબા પ્રેમીઓ ગરબા કલાસમાં કલાકો સુધી અવનવા સ્ટેપ્સ સાથે ગરબા મેદાનમાં ધુમ મચાવવા માટે પસીનો વહાવી રહ્યા છે. શહેરમાં ૨૫ થી વધુ ગરબા કલાસીસમાં યુવાધન મોડી રાત સુધી ગરબા શીખી રહ્યા છે. જયારે આ વર્ષે કમ્મરીયા.. છોગાળા... લે કચુકો લે... સહિતના ગીત પર અવનવા સ્ટેપ્સ સાથે ખૈલેયાઓ મેદાનમાં ગરબે ઘુમી માતાજીની આરાધના કરશે. ખૈલેયાઓ આ વર્ષે ૩૬ અને ૫૨ સ્ટેપ્સ સાથે સંગીતના સથવારે ગરબે રમશે, તો નાના બાળકો અને મહિલાઓ માટે ૧૨ સ્ટેપ્સમાં બોલીવુડ ફી સ્ટાઈલ અને ગરબાના સ્ટેપ્સ મીક્ષ કર્યા છે. જયારે પરંપરાગત દોઢીયું, પોપટીયું, હુડો, વિલંબીત રાસ, બે તાળી, ત્રણ તાળીના ગરબા માટે કલાકો સુધી ખેલેયાઓ પ્રેકટીસ કરીને પસીનો વહાવી રહ્યા છે. શહેરમાં આવેલા ૨૫ થી વધુ ગરબા કલાસીસમાં છેલ્લા બે થી વધુ મહિનાથી હજ્જારો રૂપીયા ફી આપીને નવરાત્રીના ગરબાની તૈયારીઓમાં ગરબા પ્રેમી ભાઈ બહેનો લાગી ગયા છે.

ખૈલૈયાઓએ પરંપરાગત અને વેસ્ટર્ન બંને મીક્ષ સ્ટાઈલમાં ગરબાના સ્ટેપ્સ કોરિયોગ્રાફ કર્યા છે. એમાં પણ લાગે છે કે આ વખતે ગૃપમાં ગરબાના સ્ટેપ્સ રમાતા વધુ નજરે પડશે. ગરબા ગ્રાઉન્ડમાં અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમીને છવાઈ જવા માટે ખૈલેયાઓ થનગની રહ્યા છે. હાલ તો નવરાતમાં ગણતરીના કલાકો ગરબે ઘુમવા માટે યુવાવર્ગ કલાકો સુધી ગરબા કલાસીસમાં મહેનત કરી રહ્યા છે. ત્યારે નાના બાળકથી લઈને મોટી ઉંમરના ખેલેયાઓ પણ ગરબા ગ્રાઉન્ડમાં માતાજીના ચાચર ચોકમાં ગરબે ઘુમતા જોવા મળશે.

## આજે સે-૩૦ ઝુલેલાલ ધામ ખાતે સાંઈ ભજન સંધ્યા યોજાશે

ગાંધીનગર, તા.૫

શિરડી ખાતે આવેલ સાંઈબાબાની સમાધીને ૧૦૦ વર્ષ પુર્ણ થતા હોઈ ઠેર ઠેર તેને લગતા કાર્યક્રમો સાંઈ ભકતો માટે યોજવામાં આવી રહ્યા છે ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ઝુલેલાલ મંદિર ખાતે તા. ૬ ઓકટોબરને શનિવારના રોજ મંદિરમાં સાંઈ ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ હોવાથી ભકતોને પધારવા મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે.

## ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝમાં ભરતી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ ખાતે ગાંધીનગર શહેરના સે-૭, સે-૨૧, ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનની હદમાં રહેતા ૯૦ પુરષ તથા ૨૭ મહિલા મળી કુલ ૧૧૭ હોમગાર્ડઝની જાહેર ભરતી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

હોમગાર્ડઝ દળમાં માનદ સેવા આપવા ઈચ્છતાં પુરુષ અને મહિલા હોમગાર્ડઝ માટે (ઓછામાં ઓછું ધોરણ ૭ પાસ અને ભરતીની તારીખે ૧૮ વર્ષથી ૫૦ વર્ષની વય ધરાવતા) ભરતી થવા ઈચ્છુક ઉમેદવારોએ ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કચેરી બ્લોક નં. ૬ ભોંયતળીયે, જુન સચિવાલય ગાંધીનગર ખાતેના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ નિયત નમુના મુજબ ફોર્મ ભરીને તારીખ ૨૦ ઓકટોબરના રોજ સાંજે ૫ કલાક સુધીમાં ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કચેરી બ્લોક નં. ૬, ભોંયતળીયે, જુના સચિવાલય, ગાંધીનગર ખાતે જમા કરાવવાનું રહેશે.

તેમજ ભરતી અંગેની તારીખ/સ્થળ માટે ૨૫ ઓકટોબર ૨૦૧૮ પછી ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કચેરી બ્લોક નં. ૬ ભોંયતળીય, જુના સચિવાલય ગાંધીનગર તથા ગાંધીનગર શહેર હોમગાર્ડઝ યુનિટ કચેરી સે-૧૭, બ્લોક નં. ૩૬/૧ છ ટાઈપ ગાંધીનગરના નોટીસ બોર્ડ/સંપર્કમાં રહેવાનું રહેશે તેમ ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ અધિકારીએ જણાવ્યું છે.

## પાલજ એરફોર્સ સ્ટેશનમાં મોર્નિંગ વૉક દરમિયાન હાર્ટ એટેકથી અધિકારીનું મોત

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-ચિલોડા માર્ગે પાલજ ગામે સ્થિત એરફોર્સ સ્ટેશનના અધિકારીનું મોર્નિંગ વૉક દરમિયાન હાર્ટ એટેક આવતા ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ અકસ્માતે મોતની ઘટના સંદર્ભે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર-ચિલોડા માર્ગ પર પાલજ ગામે એરફોર્સ સ્ટેશન આવેલું છે. જયાં માસ્ટર વોર્ડન ઓફિસર તરીકે કૌશિકકુમાર (ઉ.વ. ૫૦) ફરજ બજાવે છે અને પોતાના પરીવાર સાથે સ્ટેશનમાં સ્થિત મકાનમાં ડબલ્યુ-૨૮ ખાતે રહેતા હતા. આજે સવારે ૬.૦૦ કલાકે કૌશિકકુમાર નિયત ક્રમ મુજબ મોર્નિંગ વૉક કરવા નીકળ્યા હતા. આ જ સમયે માર્ગ વચાળે જ તેમને છાતીના ભાગે ગંભીર દુઃખાવો થતા માર્ગમાં જ ઢળી પડયા હતા અને ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયું હતું. આ મામલે એરફોર્સ સ્ટેશનના અન્ય અધિકારી નરેશ હુડ્ડાએ આ ઘટના અંગે ચિલોડા પોલીસને જાણ કરતા પોલીસ બનાવ સ્થળે દોડી આવી અને તપાસ હાથ ધરી હતી અને મૃતકના મૃતદેહને ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. ચિલોડા પોલીસે આ બનાવ અંગે ફરિયાદ નોંધી તપાસ શરુ કરી છે.

# આજથી મહાત્મા મંદિર ખાતે ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો-વિડિયો ટ્રેડ ફેરનો પ્રારંભ

### ત્રિ દિવસીય ટ્રેડ ફેરમાં ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી ક્ષેત્રની ૨૫૦થી વધુ કંપનીઓના સ્ટોલ્સ : અંદાજે ૪૫ હજાર મુલાકાતીઓ મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ખાતે આજે મહાત્મા મંદિરમાં ત્રિદિવસીય ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર ૨૦૧૮નો પ્રારંભ થયો છે. આ ટ્રેડ ફેરમાં ભારત ભરમાંથી ૨૫૦થી વધુ પ્રદર્શનકારીઓ તેમની પ્રોડકટસ રજુ કરી રહ્યા છે. આ સાથે ટ્રેડ ફેર દરમિયાન ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી ક્ષેત્રે નવી ટેકનોલોજી અંગેના વર્કશોપ અને સેમિનાર્સ પણ યોજાઈ રહ્યા છે. આ ટ્રેડ ફેર સવારે ૧૦ થી સાંજના ૬ કલાક સુધી ચાલશે.

ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર ૨૦૧૮નું આયોજન ધ ચેરિટેબલ ગ્રુપ ઓફ ફોટોગ્રાફી ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન તથા આકાર એકિઝબીશન દ્વારા કરવામાં આવ્યું છે. જેઓ ઘણા વર્ષોથી પ્રોફેશનલ ટ્રેડ ફેર, એકસ્પો અને એકિઝબીશનનું સફળતાપૂર્વક આયોજન કરવાનો અનુભવ ધરાવે છે. આ




ટ્રેડ ફેરની અંદાજે ૪૫ હજારથી વધુ મુલાકાતીઓ મુલાકાત લશે તેવું સીજીએફટીઆઈએના પ્રમુખ સુરેન્દ્ર શાહે આ પ્રસંગે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે આ ટ્રેડ ફેર થકી ફોટોગ્રાફી વિડિયોગ્રાફી ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા હિતધારકો માટે સીમા ચિહ્નરૂપ બની રહેશે. આ પ્રસંગે આકાર એકિઝબીશનના ડિરેકટર પ્રેમલ મહેતાએ જણાવ્યું હતું કે આ ત્રિદિવસીય ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેર ૨૦૧૮નો મુળ હેતુ ફોટોગ્રાફર્સના જ્ઞાનમાં વધારો કરવાનો છે. અમે આધુનિક ફોટોગ્રાફી ટેકનિકસ, મેથોડોલોજી તથા અદ્યતન સંશોધનોના ઉપયોગ અંગે માહિતી પ્રદાન કરીશું તેની સાથે નવ વિચારોનું માર્કેટિંગ, વિવિધ સંબંધિત પ્રોડકટસની ઉપલબ્ધતા, સેવાઓ અને તાલીમ પણ અહીં પ્રાપ્ત થઈ શકશે.

ઈન્ડિયા ઈન્ટરનેશનલ ફોટો વિડિયો ટ્રેડ ફેરમાં ફોટો કેમેરા, કેમકોડર્સ, કેમેરા લેન્સ, સ્કેનર્સ, એસેસરીઝ, ડિઝિટલ મીડિયા, સ્ટુડિયો ઈકિવપમેન્ટ, લાઈટીંગ ટેકનોલોજી તથા પ્રોડકટસ સહિત ફોટોગ્રાફી વિડિયોગ્રાફી અંગેની અનેકવિધ પ્રોડકટસ તથા ટેકનોલોજી અને સેવાઓ ઉપલબ્ધ છે તેમજ બિઝનેસ પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત હોવાથી તે અંગે નવી તકો પણ પ્રાપ્ત થઈ શકશે.

## સદવાંચન પરિવાર દ્વારા સરકારી શાળાના વિદ્યાર્થીઓને ડિક્ષનરી આપી સન્માનિત કર્યા

ગાંધીનગર, તા.૫

સદવાંચન પરિવાર ગાંધીનગર દ્વારા સરકારી શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને અંગ્રેજી ડિક્ષનરી આપી સન્માનિત કરવાનું કાર્ય છેલ્લા દસ વર્ષથી નિયમિત ચાલે છે.

સંસ્થાના પ્રમુખ શિવશંકર દવેના ૮૧માં જન્મદિવસે સેકટર-૭ની



સરદાર પટેલ સરકારી શાળાના વિદ્યાર્થીઓને ડિક્ષનરી આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમ કડી સર્વ વિદ્યાલયના ડૉ. સોમભાઈ પટેલ, કૌશલ્યાબેન પટેલ, ડી.એન વાટલીયા અને આચાર્ય વનિતા બુટાણી દ્વારા આયોજિત કરાયો હતો. ધો-૮ થી ૧૨ના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ડિક્ષનરી આપી શિવશંકર દવેએ પોતાનો જન્મદિવસ આગવી રીતે ઉજવ્યો.

સદવાંચન પરિવારના મંત્રી અને સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે બાળકોને બોધવાર્તા કહીને પ્રોત્સોહીત કર્યા હતા આ પ્રસંગે નટુભાઈ લાડાણી, કોકીલાબહેન કટારા, ઘનશ્યામભાઈ પટેલ, નરસીભાઈ પટેલ, વિપીનભાઈ ઓઝા, સુધાલકરે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને શુભાશિષ પાઠવ્યા હતા.

## આવતીકાલે શહેરમાં લોકપ્રિય ગઝલકાર મિસ્કીનની ગઝલયાત્રા

ગાંધીનગર, તા.૫

ગુજરાતી ગઝલ વિશેના જાણીતા અને માનીતા કવિ શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન' રવિવાર તા. ૭ ઓકટોબર, ૨૦૧૮ના રોજ સાંજે ૪.૩૦ વાગે, ઈજનેરી સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ચ-૫, ગાંધીનગરના આંગણે તેમની ગઝલયાત્રાના એક પછી એક પાના ખોલશે. ગઝલકાર મિસ્કીન એક એવું નામ છે કે, જયારે એ લખે છે ત્યારે શબ્દોનો અલગ વૈભવ અને ભાષાનો જય જયકાર થાય છે. માતૃભાષાનું જતન કરનારા અને માતૃભાષાને દીલોજાનથી પ્રેમ કરનારા ગાંધીનગરવાસીઓ માટે વિચારમંચ પરિવાર દ્વારા આયોજિત 'મનના જમણવાર'ના પ્રથમ પગલામાં 'મિસ્કીન' તેમની ગઝલ રચનાઓ સંદર્ભે મન મુકીને વાતો કરશે અને સુજ્ઞ શ્રોતાઓના પ્રશ્નોના હદય ખોલીને ઉત્તરો પણ આપશે.

જાગૃત મિત્રો સંગઠિત થઈને ગાંધીનગરના પ્રબુદ્ધ



નાગરિકોને ઉત્તમ વૈચારિક ભાથું પૂરું પાડવાના આશયથી વિચારમંચ પરિવાર બનાવી આ પ્રકારની શ્રૃંખલા શરૂ કરવા જઈ રહ્યા છે. વિચારમંચના સંયોજક શ્રી મનોજ શુક્લએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, સમયાંતરે વિચારમંચ પરિવાર ગાંધીનગરના સાહિત્ય-કલારસિક નગરજનો માટે મનના જમણવારમાં નિમંત્રણ આપતું રહેશે. વિચારમંચ પરિવાર અને ગુજરાત સંગીત નાટક અકાદમીના સંયુકત ઉપક્રમે યોજાયેલા મનના જમણવારની આ પ્રથમ બેઠકમાં નગરના પ્રબુદ્ધ નાગરિકોને ભાવભર્યું નિમંત્રણ છે.

કાર્યક્રમની વિગતો આપતાં તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વિચારમંચ પરિવાર સાહિત્ય, કલા અને સંસ્કારલક્ષી વિવિધ કાર્યક્રમો નિયમિત રીતે યોજીને નગરની સાંસ્કૃતિક ધરોહરને વધુ બળવત્તર બનાવવાની દિશામાં સદાય પ્રયત્નશીલ રહેશે. આ કાર્યક્રમની વિશેષતા એ પણ રહેશે કે, સુજ્ઞ શ્રોતાઓનો અભિપ્રાય મેળવીને વિચારમંચ પરિવાર તેમના આગામી કાર્યક્રમોની રૂપરેખા સુનિશ્ચિત કરશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

## ઉદયપુર પરપલ મેરેથોનમાં ગાંધીનગરના રનર્સને મેડલ




ગાંધીનગર, તા.૫

રવિવારના રોજ ઉદયપુર ખાતે આયોજિત થયેલી પરપલ મેરેથોનમાં ગાંધીનગરના ચાર રનર્સે ભાગ લઈ ફિનીશરનો મેડલ મેળવ્યો હતો.

અલ્ઝાયમરને કારણે વ્યકિત એની યાદ શકિત ગુમાવી દે છે અને રોજબરોજની પ્રવૃત્તિમાં તકલીફ ઉભી થાય છે, આ વિશેની જાગૃતિ માટે ઉદયપુર સેલિબ્રેશન મોલમાં એક હાફ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં બિલ્ડર જગત કારાણી, એચએસબીસીના ડાયરેકટર હિમાંશુ પટેલ, સ્કાય ડોટસના જગદીશ દુધાત, પ્લાઝમા રિસર્ચના રમેશબાબુ ગટ્ટુએ ભાગ લઈ ફિનીશરનો મેડલ મેળવી ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે.

## સે-૨૧ જીમખાના સામે દારૂ પીધેલા કારચાલકે બે વાહનને અડફેટે લીધા

ગાંધીનગર, તા.૫

સેકટર-૨૧ જીમખાના વિસ્તારમાં ગત રોજ દારૂ પીધેલા કારના ચાલકે બે ટુ વ્હીલરને અડફેટે લેતા અફરાતફરી ફેલાઈ હતી. ટોળાએ કાર ચાલકને ઝડપી પોલીસને હવાલે કર્યો હતો. આ મામલે સેકટર-૨૧ પોલીસે કારચાલક સામે દારૂ પીધેલાનો ગુનો નોંધી તેને સારવાર અર્થે મોકલી આપ્યો હતો અને આગળની વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદનો એક કારચાલક કારની વર્ધી લઈ અક્ષરધામ ખાતે પેસેન્જરને મુકવા આવ્યો હતો. બાદમાં અક્ષરધામથી સેકટર-૨૧ જીમખાના સામેના ભાગેથી કાર લઈ પસાર થઈ રહ્યો હતો ત્યાં જ કાર પરનો કાબુ ગુમાવતા તેની કારે અન્ય બે ટુ વ્હીલર ચાલકને અડફેટે લીધા હતા અને કાર ભગાવવાની કોશિશ કરી હતી. જો કે આસપાસના રાહદારીઓએ તેની કારને અટકાવી તેને બહાર કાઢયો હતો અને તુરંત પોલીસને જાણ કરી હતી. પોલીસે બનાવ સ્થળે આવી તપાસ કરતા કારનો ચાલક દારૂ પીધેલી હાલતમાં જણાતા સે-૨૧ પોલીસે તેની સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી શરુ કરી છે.

# ગાંધીનગરના મહિલા સાયકલિસ્ટ પિન્કી ઝા સુપર રેન્ડોનિયર્સ બન્યા

### ૬૦૦કિમીની સાયકલિંગ ઈવેન્ટ ૩૬ કલાક ને ૧૦ મિનિટમાં પુરી કરી : એક વર્ષમાં ચાર ઈવેન્ટ પુરી કરનાર પિન્કી ઝા બે સંતાનોની માતા છે



ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના સેકટર-૮માં રહેતા અને બે સંતાનોની માતા પિન્કી ઝાએ એક વર્ષના ગાળામાં સતત ચોથી સાયકલિંગ ઈવેન્ટ પુરી કરીને સુપર રેન્ડોનિયર્સનો ખિતાબ હાંસલ કર્યો છે. પિન્કી ઝા આ પ્રકારનો ખિતાબ મેળવનારા શહેરના સૌ પ્રથમ મહિલા સાયકલિસ્ટ છે જેમણે એક જ વર્ષના ગાળામાં ૨૦૦ કિમી, ૩૦૦ કિમી, ૪૦૦ કિમી અને ૬૦૦ કિમીની સાયકલિંગ ઈવેન્ટ નિયત સમયગાળા કરતા ઓછા સમયમાં પુરી કરી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સાયકલિંગને પ્રોત્સાહન આપવા બીઆરએમ અંતર્ગત ઔડયુકસ કલબ દ્વારા વિવિધ સ્તરની સાયકલિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં તા. ૨૦ અને ૩૦મી સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલ આ સાયકલિંગ ઈવેન્ટમાં સુરતથી અમદાવાદ થઈને પરત સુરત સુધીની ૬૦૦ કિમીની ઈવેન્ટ યોજાઈ હતી. જેમાં ભાગ લઈને ગાંધીનગરની મહિલા સાયકલિસ્ટ પિન્કી ઝા સુપર રેન્ડોનિયર્સ બન્યા છે. ઉલ્લેખનીય છે કે આજ વર્ષમાં પિન્કી ઝા અગાઉ ત્રણ બીઆરએમ સાયકલિંગ ઈવેન્ટ અનુક્રમે ૨૦૦, ૩૦૦ અને ૪૦૦ કિમીની પુરી કરી ચુકયા છે. અને હવે ૬૦૦ કિમીની ઈવેન્ટ તેમણે નિયત સમય ૪૦ કલાક કરતા વહેલા ૩૬ કલાક અને ૧૦ મિનિટમાં પુરી કરી હતી. આ સાથે એક જ વર્ષમાં ૪ સાયકલિંગ ઈવેન્ટ પુરી કરીને સુપર રેન્ડોનિયર્સનો ખિતાબ મેળવનાર ગાંધીનગરના પ્રથમ મહિલા સાયકલિસ્ટ બની ચુકયા છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પૂર્વે ગાંધીનગરના યુવાન દિશાંત શાહે પણ આ ખિતાબ મેળવ્યો હતો.

### રસ્તામાં બે વાર ઉંઘ પણ લીધી

પિન્કી ઝા એ તેમની સફર દરમિયાન અત્યારે દિવસો ભાદરવાના આકરા તાપ તથા રાત્રે ઠંડી જેવી બેવડી ઋતુનો સામનો કર્યો હતો. જેના કારણે તેમને દિવસે વારંવાર પાણી પીવાની જરૂર પડતી હતી જેમાં સમય પણ વેડફાતો હતો. વળી રાત્રી દરમિયાન બે વાર ખુબ ઊંઘ આવતા પરત ફરતા તેમણે રસ્તામાં એકવાર આણંદ વડોદરા વચ્ચે એક મંદિરના બાંકડા પર અને બીજીવાર કરજણ નજીક પેટ્રોલપંપ પાસેના નાના બગીચાના બાંકડા પર ટૂંકી નિંદ્રા લીધી હતી. આમ છતાં તેમણે દૃઢ મનોબળ સાથે આ ઈવેન્ટ પુરી કરી શહેરની મહિલાઓનું ગૌરવ વધાર્યું છે.

### ચિરવિદાય

- સ્વ. બારોટ પ્રવિણચંદ્ર કેશવલાલ, ઉ.વ. ૭૯
- સ્વ. ત્રિવદી લીલાબેન રમણલાલ, ઉ.વ. ૭૮
- સ્વ. બબીબેન છનાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. નલીનીબેન અનિલકુમાર જપી, ઉ.વ. ૬૬
- સ્વ. સજ્જનબેન આતાજી ઠાકોર, ઉ.વ. ૬૦